મુખ્ય માર્ગો પર ટોઈંગ વાન ફરતી કરી દેવાઈ : રોડની સાઈડમાં પાર્ક કરેલા વાહનો ઉપાડી લેવાયા

ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગો પર સાઈડમાં પાર્ક કરેલા વાહનોને ઉપાડી લેવા પોલીસ દ્વારા ટોઈંગ વાન ફરતી કરી મુકવામાં આવી છે. વાઈબ્રન્ટ દરમિયાન ગાંધીનગરમાં ઉપસ્થિત રહેનાર મહેમાનો તેમની અવર જવર દરમિયાન ટ્રાફીક સેન્સનાં અભાવની છાપ લઈ ને જાય તે માટે ટોઈંગ કામગીરી સઘન બનાવવામાં આવી છે આજે ઘ માર્ગ પર પાર્ક થયેલા આવા વાહનો ટો કરવામાં આવ્યા હતાં.

જિલ્લામાં ૧૧ થી ૧૮ જાન્યુઆરી દરમિયાન માર્ગ સલામતી સપ્તાહ

સપ્તાહની ઉજવણી અન્વયે વાહનચાલકોની દૃષ્ટિ ચકાસણી, હેડલાઈટને પીળા પટ્ટા સહિતના જનજાગૃતિ કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા.૭

છેલ્લા એક દાયકામાં વાહનોની સખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. જેના પરિણામે માર્ગો પર ટ્રાફીકનો સતત ધમધમાટ જોવા મળે છે. બીજી તરફ ટ્રાફીક નિયમનના અભાવ વચ્ચે પૈડા પરની જિંદગી પણ દિનપ્રતિદિન જોખમી બની રહી છે. માર્ગસલામતીને અનુલક્ષી નાગરિકોમાં જાગૃતતા કેળવાય તેવા આશયથી જિલ્લામાં તા. ૧૧ થી ૧૮ જાન્યુઆરી દરમિયાન માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી અન્વયે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે.

ટ્રાફિક નિયમનના અભાવ વચ્ચે પૈડા પરની જિંદગી જોખમી બની છે. ગતિ નિયંત્રણની વાત વિસરાઈ છે ત્યારે બેફામ દોડતા વાહનોના લીધે રોજબરોજ માર્ગ અકસ્માત સર્જાય છે. માર્ગ અકસ્માતનો મૃત્યુ આંક પણ ચિંતાનો વિષય બન્યો છે. આવા સંજોગોમાં આમ નાગરિકો ટ્રાફીક નિયમન અંગે જાગ્રત થાય તેમજ માર્ગ સલામતીને જોખમમાં મુકતા પરિબળોને ડામી શકાય તેવા આશયથી પ્રતિ વર્ષ જિલ્લામાં માર્ગ સલામતી સપ્તાહની ઉજવણીનું આયોજન કરવામાં આવે છે. જેના ભાગરૂપે જિલ્લામાં તા. ૧૧ થી ૧૮ જાન્યુઆરી દરમિયાન માર્ગ સલામતી સપ્તાહ અન્વયે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે. આર.ટી.ઓ. અને શહેર વસાહત મહામંડળ દ્વારા માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત વાહનોની હેડ લાઈટને પીળા પટ્ટા કરવા ઉપરાંત ડ્રાઈવરોની દૃષ્ટિ ચકાસણી પેમ્ફલેટ વિતરણ કરવામાં આવશે. આ ઉપરાંત શાળા કોલેજમાં પણ વિદ્યાર્થીઓમાં ટ્રાફીક સેન્સ કેળવાય તે માટે જરુરી માર્ગદર્શન પુરું પાડવામાં આવશે.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આજે વાઈબ્રન્ટ ગુજરાતની પૃષ્ઠભૂમિ અંતર્ગત કચ્છ જિલ્લામાં રાજ્યના સૌપ્રથમ ઈન્ડસ્ટ્રીયલ પ્રમોશન સેલ(આઈપીસી)નું ઉદ્‌ઘાટન કરી રાજ્યમાં રોકાણને પ્રોત્સાહન આપવા માટે યોગ્ય માહોલનું સર્જન કર્યું છે. ઉદઘાટન સમારંભ મુખ્યમંત્રીની ગાંધીનગર સ્થિત કચેરીમાં યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે રાજ્યના નાણાં અને આયોજન મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ, સ્વસ્થય અને કુટુંબ કલ્યાણ, ટ્રાન્સપોર્ટ અને શહેરી ગૃહ બાંધકામ બાબતો અને કચ્છના પ્રભારી મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી, કુટીર ઉદ્યોગો મીઠુ અને ગૌ સંરક્ષણ બાબતોના મંત્રી શ્રી તારાચંદ છેડા, સંસદીય સચિવ શ્રી વાસણભાઈ આહિર, પ્રભારી સચિવ શ્રી જે પી ગુપ્તા, કચ્છ જિલ્લા કલેક્ટર શ્રી મહેન્દ્રભાઈ પટેલ અને કો-ઓર્ડિનેટર શ્રી ઈન્દ્રજિતસિંહ વાળા ખાસ હાજર રજ્ઞા હતાં. આ પ્રસંગે ફોકિયા (ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન) તરફથી ચેરમેન શ્રી અશ્વિનભાઈ શ્રોફ, એમડી શ્રી નિમિષભાઈ ફડકે, જોઈન્ટ એમડી શ્રી તલકશીભાઈ નંદુ તથા શ્રી ચિંતન ઠાકર, શ્રી સંજય રાય, શ્રી ચેતન કોન્ટ્રાક્ટર, શ્રી રામચંદ્રન અને શ્રી મહેન્દ્રસિંહ સોઢા સહિતના મહાનુભાવોએ હાજરી આપી હતી.

ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ વસાણીનું અવસાન

અમદાવાદ,તા. ૭

ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ તેમજ નિરમા યુનિવર્સિટીના સ્થાપક એનવી વાસાણીનું લાંબી માંદગી બાદ નિધન થતાં શિક્ષમ જગતમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે. હાર્ટએટેક આવ્યા બાદ છેલ્લા કેટલાક દિવસોથી તેઓ કોમામાં હતા ત્યારે સારવાર દરમિયાન આજે વહેલી સવારે તેમનું દુખદ અવસાન થયું હતું.

વાસાણીના અવસાનના સમાચારથી તેમના વિદ્યાર્થી, મિત્રો અને પરિવારજનો સહિતના લોકોએ તેમના નિવાસસ્થાને પહોંચીને શોકાંજલિ પાઠવી હતી. મુળ બરવાળાના વતની એવા એનવી વસાણીએ એન્જિનિયરિંગ શિક્ષણ ક્ષેત્રમાં પોતાની કારકીર્દી બનાવી હતી. તેમણે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટે ઓફ ટેકનોલોજી ખડગપુર ખાતેથી એમટેકની ડિગ્રી મેળવી હતી. ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે તેમના કાર્ય પ્રદાનને અનુલક્ષીને ફ્લોરિડાની એટલાન્ટિક યુનિવર્સિટી દ્વારા તેમને માનદ પદવી એનાયત કરવામાં આવી હતી. એટલું જ નહીં ટેકનિકલ શિક્ષણ ક્ષેત્રે તેમના પ્રદાન બદલ ઈન્ડિયન સોસાયટી ફોર ટેકનિકલ એજ્યુકેશન દ્વારા માનદે ફેલોશિપ આપવામાં આવી હતી. વસાણીએ એલડી એન્જિનિયરિંગ કોલેજમાં લેક્ચરરથી પોતાની કારકીર્દીનો પ્રારંભ કર્યો હતો. ત્રણ દાયકા સુધી તેમણે ગ્રેજ્યુએટ્સ અને પોસ્ટ ગ્રેજ્યુએટ્સ એન્જિનિયરિંગના અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને શિક્ષણ આપ્યું હતું.

આ દરમિયાન રાજ્ય સરકાર દ્વારા પ્રોફેશનલ કોર્સિસ માટે રચાયેલી એડમિશન કમિટિ ફોર પ્રોફેશનલ કોર્સિસના એએસએલ તરીકે જવાબદારી સંભાળી હતી. ગુજરાતના જાણીતા શિક્ષણવિદ, ટેકનિકલ શિક્ષણમાં વિશેષ પ્રદાન કરનાર એનવી વસાણીના દુઃખદ નિધન અંગે ઘેરાશોકની લાગણી વ્યક્ત કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, એનવી વસાણી મૃદભાષી, સરળ સ્વભાવથી તમામ સાથે નિકટતા કેળવનાર અને અધ્યાપન કાર્યમાં કેન્દ્ર સ્થાને હંમેશા વિદ્યાર્થીઓને રાખતા હતા. રાજ્યમાં ટેકનિકલ શિક્ષણના સ્થાપનામાં વિશએષ યોગદાન આપ્યું. ગુજરાત યુનિવર્સિટી તથા નિરમા યુનિવર્સિટી કુલપતિ સહિત અનેક પદભાર સંભાળી શૈક્ષણિક નેતૃત્વ આપ્યું. તેમના નિધનથી ગુજરાતે એક ઉત્તમ કોટીના શિક્ષણકાર ગુમાવ્યા છે.

ભારતનું અને ભારતીયોનું વૈશ્વિક મહત્વ વધ્યું છે : સુશ્રી પ્રીતિ પટેલ

ભારતનું અને ભારતીયોનું વૈશ્વિક મહત્વ વધ્યું છે. એમ જણાવીને યુકેના એમ.પી.સુશ્રી પ્રીતિ પટેલે જણાવ્યું હતું કે ઈંગ્લેન્ડના વિકાસમાં ગુજરાતીઓના યોગદાનને પણ મહત્ત્વનું ગણાવ્યું હતું. પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીની પૂર્વ સંધ્યાએ યોજાયેલા યુથ પીબીડી કાર્યક્રમને સંબોધતા મેમ્બર ઓફ પાર્લામેન્ટ અને યુનાઈટેડ કિંગડમ પ્રાઈમ મિનિસ્ટર્સ ડાયસ્પોરા ચેમ્પીયન સુશ્રી પ્રીતી પટેલે યુવાનને દેશના ભવિષ્ય અને વિઝન ગણાવીને જણાવ્યું હતું કે વિકાસની વૈશ્વિક દોડમાં શિક્ષણ તાલીમ દ્વારા યુવાનોએ સજ્જતા કેળવવી પડશે. તેમણે શિક્ષણને જ સફળતાની ચાવીરૂપ ગણાવી જણાવ્યું હતું કે યુ.કે.ઈન્ડિયા એજ્યુકેશન પ્રોગ્રામ હેઠળ એક લાખ વિધાર્થીઓ બ્રિટનમાં શિક્ષણ મેળવે છે. તો બ્રિટીશ વિધાર્થીઓ પણ ભારતમાં વિવિધ અભ્યાસક્રમોમાં શિક્ષણ મેળવે છે.

ગામડા બંધનું એલાન...

● અનુસંધાન પહેલાનું ચાલુ

સબસીડી આપે છે અને કોટન (કાપસ) પકડતા ખેડુતોને પુરતા ભાવ ન મળતા આપઘાત કરવો પડે છે. બહોત હુઆ નારી પર અત્યાચાર અબકી બાર મોદી સરકાર કાલા ધન વાપસ લાયેગે અને દરેક નાગરિકના બેંક ખાતામાં ૧૫ લાખ જમા થશે. આવા રંગબેરંગી સુત્રો આપીને ભાજપની કેન્દ્ર સરકાર બની હતી. ભાજપની રાજય અને કેન્દ્ર સરકાર માત્ર ભાજપના આગેવાનો, મોટા ઉદ્યોગગૃહો અને જમીનના દલાલો માટે અચ્છે દિન લાવ્યા છે ભાજપની કેન્દ્ર સરકારે વોડાફોન કંપનીના રૂ. ૩૨૦૦ કરોડ માફ કર્યો, અદાણીને રૂ. ૬૨૦૦ કરોડની લોન અપાવી, રીલાયન્સ કંપની સરકારને ગેસ વેચતો આપે છે તેમાં રૂ. સાડા ચાર ડોલર માંથી વધારીને સાડા છ ડોલર કરી આપ્યા વિશ્વમાં પેટ્રોલ-ડિઝલ-ગેસમાં માત્ર સાડા બાર ટકા ભાવ ઘટાડયા છે પેટ્રોલીયમ પદાર્થોમાં અપાતી ૧ લાખની કરોડની સબસીડી હટાવીને ઓઈલ કંપનીઓ તથા સરકારે અબજો રૂપિયાની કમાણી કરી છે. અત્યારે ગુજરાતમાં ઉદ્યોગપતિઓનું સ્વાગત કરવા માટે અબજો રૂપિયાનો વેડફાટ વાયબ્રન્ટના નામે થઈ રહ્યો છે. રૂપિયાના સિક્કા ઉપરથી મહાત્મા ગાંધીજીનો ફોટો હટાવીને હવેથી ટાટાના સ્થાપક જમસેદજી ટાટાનો ફોટો મુકાઈ રહ્યો છે.

દાંડીકુટિરનું લોકાર્પણ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાંધીનગરમાં મહાત્મા મંદિર અને દાંડી કુટિરને જોડતા કેબલ સ્ટેઈડ બ્રીજનું કામ હાલ ચાલુ છે. જો કે તે કામ પણ ઝડપથી પૂર્ણ કરવામાં આવશે.

સૌથી મોટા કન્વેનશન સેન્ટર એવા મહાત્મા મંદિરમાં ગાંધીની યાદ અને આઝાદીની ચળવળને ઉજાગર કરતું પ્રદર્શન આ દાંડીકુટિરનું આગવુ આકર્ષણ છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીનું વિધિવત્ ઉદ્‌ઘાટન કરે તે પૂર્વે તેઓ આ દાંડીકુટિર અને તેમાં ઉભા કરાયેલ મ્યુઝિયમને ખુલ્લુ મુકશે. આ પછી તેઓ પ્રવાસી દિવસની ઉજવણીનો વિધિવત્ પ્રારંભ કરાવશે. મહાત્મા ગાંધી સ્વદેશ પરત ફર્યા તેના ૧૦૦ વર્ષની ઉજવણીના સીમાચિહ્નરૂપ આ દાંડીકુટિરને ખાસ રોશનીથી પણ સજાવવામાં આવેલ છે.

દાંડીકુટિર આમ તો બે ભાગમાં છે. આઉટર માઉન્ટ અને ઈનર માઉન્ટ. આઉટર માઉન્ટમાં સર્વિસીઝ માટેની સુવિધાઓ તેમજ બુક શોપ કેન્ટીન અને બેસવા માટે ખાસ વ્યવસ્થા છે. આઉટર માઉન્ટને અડીને જ વોટર બોડી પણ આવેલ છે. જે તેને વધુ આકર્ષક બનાવે છે.

રૂ. ૧૫૦ કરોડથી પણ વધુના ખર્ચે તૈયાર થયેલ આ દાંડીકુટિર એ આ નગરનું આગવુ નજરાણુ બનશે. બે વર્ષના ગાળામાં આ બધુ જ નિર્માણ કાર્ય સંપન્ન કરવામાં આવ્યુ છે. ખ-રોડને અડીને આવેલ આ દાંડીકુટિરનું આ વાયબ્રન્ટ દરમ્યાન લોકાર્પણ થશે. આ દાંડીકુટિરના નિર્માણની કામગીરી પણ બે તબક્કામાં કરાઈ હતી. જે ઉલ્લેખનીય છે.

તેવો જ છું... ●

અનુસંધાન પહેલાનું ચાલુ

દેખાય છે તે જ બતાવે છે કે હવે સપનાઓ ચોક્કસ સાકાર થશે.

તેમણે કહ્યુ હતુ કે સ્વચ્છતા મિશન એ લોકોનું મિશન બન્યુ છે. ૨૦૧૯માં ગાંધીની કલ્પનાનું સ્વચ્છ ભારત બનાવીએ. તેમણે એમ પણ જણાવ્યુ હતુ કે સ્વચ્છતા મિશનને દેશના નાગરિકોએ પોતાનું મિશન ગણી ઉપાડી લીધુ છે તે એક સૌથી મોટી સિદ્ધિ છે. ૧૯૧૫માં ગાંધીબાપુ ભારત પાછા આવ્યા હતા આ ઉજવણીને ધામધૂમથી ઉજવવાની ખાત્રી તેમણે આપી હતી.

ડભોડા ચોકડી પાસે પશુચોરોની ટ્રક પલ્ટી મારીને ખેતરમાં ઘુસી ગઈ

વિવિધ ગામોમાંથી ચોરેલા પાંચ બળદ ત્યાં જ છોડી દઈ રાત્રે ક્રેઈન બોલાવીને ટ્રક બહાર કાઢી ગેંગ ફરાર

ગાંધીનગર, તા. ૭

ડભોડા નજીકના વિવિધ ગામના ખેતરોમાંથી પાંચ બળદોની ચોરી કરીને ૪૦૭ ટ્રકમાં ભરી ચોરો ભાગી રહ્યા હતા. તેટલામાં એમ્બ્યુલન્સની સાયરન વાગતા પોલીસ સમજીને ચોરોએ ટ્રક બેફામ ભગાવી મુકી હતી. ડભોડા ચોકડીએ આ ટ્રક પલ્ટી મારીને ખેતરમાં ઘુસી જતાં બળદો ત્યાં જ ઉતારવા પડ્યા હતા. જો કે રાત્રે ચોરોએ ક્રેઈન મંગાવીને ટ્રક ખેતરમાંથી કઢાવી સરકી ગયા હોવાનુ જાણવા મળ્યુ છે.

મળતી માહિતી મુજબ ઢોર ચોરો ડભોડા નજીકના અલગ અલગ ગામેથી પાંચ બળદોની ચોરી કરીને ૪૦૭ ટ્રકમાં ભરીને ભાગ્યા હતા. આ ટ્રક ડભોડા ચોકડી પહોંચી ત્યાં એક સાયરનનો અવાજ આવતા એમ્બ્યુલન્સના સાયરનને પોલીસની સાયરન સમજી ચોરો ગભરાઈ ગયા હતા અને ટ્રક એકદમ ભગાડી મુકતા કાબુ ગુમાવી બેઠા હતા. ત્યાં ખેતરમાં ટ્રક ઘુસીને પલ્ટી ખાઈ ગઈ હતી. ચોરોએ રાત્રે બળદો ત્યાં જ મુકી દઈને ક્રેઈન બોલાવી પલ્ટી મારેલી ટ્રક બહાર કઢાવી ભાગી ગયા હતા. આ બળદો પૈકી બે મગોડીથી, બે વડોદરાથી અને એક અન્ય સ્થળેથી ચોરી કર્યા હતા. તે પશુ માલીકોને સોંપવામાં આવ્યા છે.

ઝીણું ઝીણું કામ કરવામાં વ્યસ્ત તોતિંગ તંત્ર મુખ્ય ગેન્ટ્રી જ બનાવવાનું ભૂલી ગયું

ગાંધીનગર, તા.૭

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શૉ અને ૧ ૩માં પ્રવાસી ભારતીય દિવસ અંગેના પ્રદર્શન માટે સરકારનું તોતિંગ તંત્ર છેલ્લા ઘણા દિવસોથી તડામાર તૈયારીઓ કરી રહ્યું છે. આવતી કાલે આ પ્રવાસી ભારતીય દિવસનો આરંભ થનાર છે જેમાં દેશના વડાપ્રધાન ઉપરાષ્ટ્રપતિ વિવિધ રાજયોના મુખ્ય પ્રધાન સહિત વિશ્વના દેશોનાં પ્રતિનિધિઓ પધારવાના છે ત્યારે નાની મોટી તૈયારીઓમાં ખડકાયેલા સરકારી તંત્ર ગાંધીનગર-કોબા માર્ગ પર શાહપુર ચોકડી સર્કલે મહત્વની ગેન્ટ્રી બનાવવાનં જ ભુલી જતા અડધી રાતે ફરી સરકારી અધિકારીઓ દોડતા થઈ ગયા હતા અને રાતો રાત ગેન્ટ્રી ઉભી કરવામાં આવી હતી.

ગાંધીનગરના આંગણે જાન્યુઆરી માસમાં અનેક કાર્યક્રમ યોજાનાર છે. જેમાં વિવિધ દેશોના પ્રતિનિધિઓ અને રાજકીય આગેવાન સહિત મોટી સંખ્યામાં ભાગ લેનાર છે આ તમામ મહાનુભાવો ના આગમનના પગલે ગુજરાત સરકારે તમામ વિભાગોને અલગ અલગ કામગીરી સોંપી તમામ તૈયારીઓ શરુ કરી હતી અને માર્ગોની સફાઈ, રંગ રોપાણ, લાઈટીંગ, સાઈનબોર્ડ એન્ટ્રી ગેટ વિવિધ દિશા સૂચન બોર્ડ પ્લાન્ટેશન વગેરેની ઝીણામાં ઝીણી કામગીરી પણ કરવામાં આવી હતી આજે વિવિધ મહાનુભાવોનું આગમન શરુ થઈ ગયું હતું. ત્યારે આટલા મોટા કાર્યક્રમ વચ્ચે સરકારી તંત્ર ગાંધીનગર કોબા હાઈ-વે પર શાહપુર ચોકડી નજીક મહત્વની ગેન્ટ્રી જ બનાવવાનું ભુલી ગયું હતું ત્યારે કોઈ અધિકારીની નજર પડતા આ અંગે સંબંધિત વિભાગમાં જાણ કરાઈ હતી અને ગત રોજ રાતો રાત સફાળે જાગી જતા ઉચ્ચ કક્ષાના અધિકારીઓ દોડી આવ્યા હતા. અડધી રાતે ગેન્ટ્રી બનાવવાનું તાબડતોબ શરુ કરી દીધું હતું અને સવાર થતા સુધીમાં જ ગેન્ટ્રી સંપૂર્ણ તૈયાર કરી દેવામાં આવી હતી.

સરકારી તંત્ર પણ ગજબ છે. કોઈ અરજદારની કોઈ નાની અમથી ફરિયાદ લેવામાં પણ દિવસોના દિવસો બગાડી નાખે છે. જયારે દુનિયાનું મોટામાં મોટું અને અઘરામાં અઘરુ કામ પણ ક્ષણવારમાં ચપટી વગાડતા જ પુરું કરી નાંખે છે.

ગાંધીનગરમાં પતંગની દોરી રંગવાવાળાની પણ વિદાય

તહેવાર ટાણે જ વાઈબ્રન્ટનું આયોજન થતાં પતંગ રસીયાઓની ઉત્તરાયણ બગડી

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટ તથા પ્રવાસી ભારતીય દિવસના મહત્વના કાર્યક્રમો અનુલક્ષીને સુરક્ષા વ્યવસ્થા જડબેસલાક બનાવી દેવાઈ છે. જેમાં નગરમાં લારી-ગલ્લા સહિત તમામ દબાણો દૂર કરી દેવાયા છે અને માર્ગો ઉપર કે અન્ય સ્થળોએ કોઈપણ જાતનું વેચાણ કે અન્ય વ્યવસાયિક પ્રવૃત્તિ બંધ કરી દેવાઈ છે. જેથી ઉત્તરાયણમાં જરૂરી એવી પતંગની દોરી ને રંગવાવાળાને પણ વિદાય આપી દેવાઈ છે. જેથી પતંગરસીયાઓ ભારે હાલાકીનો ભોગ બની તૈયાર માંજો ખરીદવા મજબૂર બની રહ્યા છે.

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટ તથા પ્રવાસી ભારતીય દિવસ અન્વયે દેશ-વિદેશમાંથી અતિ મહત્વની હસ્તીઓ પધારવાની છે. જેથી સમગ્ર નગર જાજરમાન લાગી રહ્યુ છે અને આ મહાનુભાવોની સુરક્ષાને ધ્યાને લઈ તંત્રએ અતિ સુક્ષ્મ આયોજન હાથ ધર્યુ છે. જેમાં ગુજરાતનો મહત્વનો તહેવાર ઉત્તરાયણ પણ વાઈબ્રન્ટના અંતિમ દિવસે છે. જેથી પતંગરસીયા આ તહેવાર નિમિત્તે અગાઉથી જ પતંગ-દોરીની વ્યવસ્થા હાથ ધરી લેતાં હોય છે. પરંતુ નગરમાં યોજાનારા કાર્યક્રમોના કારણે નગરને ખુણે ખુણો દબાણમુક્ત કરી દેવાયો છે. અને માર્ગો કે અન્ય ઠેકાણે વ્યવસાયલક્ષી દબાણ ન કરવા કડક તાકીદ કરાઈ છે. જેમાં પતંગ-દોરી રંગવાવાળા પોતાના ચરખા તથા ચિજવસ્તુઓ મુકી શકે નહી તેવી સ્થિતિ સર્જાતા નગરમાં દોરી રંગવાવાળાને વાઈબ્રન્ટ ટાણે જ વિદાય કરી દેવાયા છે.

નગરમાં સુરક્ષાની કડક પાબંદીના લીધે ટેન્ટ બાંધીને પતંગ વેચાણ કરતાં સિઝનેબલ વેપારીઓ પણ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. જેથી પતંગના વેચાણ ઉપર ભારે અસર પહોંચી શકે છે અને પતંગના રસીયાઓને દોરી તથા પતંગની વ્યવસ્થા અન્ય ઠેકાણેથી કરવી પડે તેવી નોબત આવી છે. ગુજરાતમાં પતંગ ચડાવવાનું અને તે માટેની પૂર્વ તૈયારીઓ સહિત આ તહેવાર ખુબ જ આનંદ અને ઉમંગથી તમામ લોકો ઉજવતા રહ્યા છે પરંતુ આ વર્ષે વાઈબ્રન્ટના અતિ કડક બંદોબસ્તના નેજા હેઠળ પ્રજાજનોનો આ તહેવાર બગડવાની શક્યતાઓ રહેલી છે. જો કે ઉત્સવ પ્રિય પ્રજા કોઈપણ ભોગે આ તહેવારને ઉજવીને આનંદ મેળવી જ લેશે તેવું હાલ તેમના મિજાજ ઉપરથી લાગી રહ્યું છે.

વડીલોને વંદન અભિનંદન

બાબુભાઈ એન. ચક્રવર્તી
(૧૯૩૭) મો. ૯૯૨૫૫૨૭૯૧૯

જાહેર નિવિદા નં.-૫ સને ૨૦૧૪-૨૦૧૬

(ફક્ત વિદ્યુત ઈજારદારશ્રીઓ માટે)

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટાવિભાગ નં.૨૧, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર દ્વારા વિજળીકરણને લગતા ૮ (આઠ) કામોની અંદાજીત કિંમત રૂ. ૩૦,૦૭૨.૭૫થી રૂ. ૨,૮૮,૯૮૧.૨૦ છે. યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ વિદ્યુત ઠેકેદારશ્રીઓ પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૧૩/૧/૨૦૧૫ છે. અને પરત મેળવવાની છેલ્લી તા. ૨૧/૧/૨૦૧૫ છે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટિસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૨૧૪૩/૨૦૧૪-૧૫

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૨૫
સૂર્યાસ્ત : ૬.૦૯

તાપમાન

મહત્તમ : ૨૮.૨ ડિ.સે.
લઘુત્તમ : ૯.૨ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૮ ટકા ● સાંજે ૪૧ ટકા

મનોરંજન

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
પી.કે. : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦. ૦૦
સ્ક્રીન-૨ :
લિંગા : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦
સ્ક્રીન-૩ :
પી.કે. : ૧૨.૦૦, ૬.૦૦
લિંગા : ૩.૦૦, ૯.૦૦

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
પી.કે. : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
પી.કે. : ૧૨.૦૦, ૫.૦૦, ૮.૦૦
: સ્ક્રીન-૩ :
પી.કે. : ૧૧.૧૫
નાઈટ એટ ધ મ્યુઝિયમ (ઇંગ્લીશ) : ૨.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૮.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
પી.કે. : ૧૦.૦૦
અગલી : ૧.૦૦, ૧૦.૦૦
લિંગા (હિંદી) : ૩.૪૫
મુકુન્દા (તેલુગુ) : ૭.૦૦
: સ્ક્રીન-૫ :
અગલી : ૪.૦૦
લિંગા (હિંદી) : ૬.૩૦
પી.કે. : ૯.૩૦

સિનેમેક્સ

: સ્ક્રીન-૧ :
પી.કે. : ૯.૦૦, ૧૨.૨૦, ૩.૪૦, ૭.૦૦, ૧૦.૨૦
: સ્ક્રીન-૨ :
પી.કે. : ૧૧.૨૦, ૨.૪૦, ૬.૦૦, ૯.૨૦
સ્ક્રીન-૩ :
પી.કે. : ૯.૫૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૩૦, ૧૦.૪૫
સ્ક્રીન-૪ :
પી.કે. : ૧૦.૪૦, ૨.૦૦, ૫.૨૦, ૮.૪૦

આપની આજ

મેષ : સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

વૃષભ : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

મિથુન : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

કર્ક : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

સિંહ : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

કન્યા : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

તુલા : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

વૃશ્ચિક : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ.

ધન : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

મકર : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે.

કુંભ : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

મીન : સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

ચિરવિદાય

- સ્વ. ઠાકોર પસીબેન બાવાજી (ઉ.વ.૭૫) મુ. નારદીપુરા વાસ, તા. માણસા, જી.ગાંધીનગર
- સ્વ. ઠાકોર પરથીજી ધૂળાજી (ઉ.વ.૬૦) મુ. નારદીપુરા વાસ, તા. માણસા, જી.ગાંધીનગર
- સ્વ. રાવલ સુધાબેન વિષ્ણુપ્રસાદ (ઉ.વ.૫૩) ૪૬૮, ડબલ ડેકર, હરસિદ્ધનગર, સે-૨૪, ગાંધીનગર